PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧૧/ક્વા–૦૨/૧૬–૧૭/ 9578 તા. 21/10/16

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
શેરસીયા હુસેન સાવદી,
ગામ: પંચાસર,
તા. વાકાનેર,
જી. મોરબી

વિષય :–ઘરવપરાશ વીજજોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૩–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૧૧/ક્વા–૦૨/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-2.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વાકાનેર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



NO: 02/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૧૧/ક્વા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૧૪–૧૦–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: શેરસીયા હુસેન સાવદી,ગામ: પંચાસર

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વાકાનેર)

રજુઆત કરનાર :એન.આઈ. પ્રજાપતી, નાયબ ઈજનેર શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર

## : હુકમ :

ફરીયાદ : ઘરવપરાશ વીજજોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ, ગામ:પંચાસર ખાતે ના, ખેતીવાડી હેતુ ની જમીન પર ના, તેમના રહેણાક ના મકાન મા, નવુ ઘરવપરાશ વીજજોડાણ, જે ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ એવા જયોતીગ્રામ ફીડર માથી મેળવવા માટે ની માંગણી પીજીવીસીએલ ની કચેરી મા કરેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી, તેઓને જયોતીગ્રામ ફીડર માથી, ઘરવપરાશ વીજજોડાણ નું જોડાણ આપવા માટે ની કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની ગામ:પંચાસર ખાતે ના, ખેતીવાડી હેતુ ની જમીન પર ના, તેમના રહેણાક ના મકાન મા, નવુ ઘરવપરાશ વીજજોડાણ, જે ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ એવા જયોતીગ્રામ ફીડર માથી મેળવવા માટે ની, અરજદાર શ્રી ની માંગણી ના અનુસંઘાને, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને, સરકાર શ્રી પ્રારીત એવા પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાઘીન બાબતો આનુષાંગીક સમજણ આપવામા આવતા, હવે – અરજદાર શ્રી ને, ખેતીવાડી ના હેતુ ની જમીન પર ના મકાન મા, નવુ સીંગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ, જે '' ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ એવા જયોતીગ્રામ ફીડર માથી નહી, પરંતુ, ખેતીવાડી ફીડર પર ના પાવર માથી જ મળી શકે '' તે બાબત ની, નિયમાઘીન સમજણ અરજદાર શ્રી એ, રાજીખુશી થી માન્ય રાખેલ છે. અને, હવે તેમના સદર જોડાણ મા, ખેતીવાડી ફીડર માથી પાવર સપ્લાય આપવામા આવે તો તેઓને કોઈ વાંઘો નથી, પરંતુ તેઓ સંમંત છે. તે મુજબ નો તા.૧૪–૧૦–૧૬ ના રોજ નો, અરજદાર શ્રી એ લેખીત સંમંતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરી, અને હવે તેઓને સદર બાબતે, પીજીવીસીએલ સમક્ષ કોઈ ફરીયાદ રહેતી ન હોય, તે મુજબ ની લેખીત સંમંતી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| 3.1 | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ની, અરજદાર શ્રી ને, સવાલવાળુ, ખેતીવાડી હેતુ માટે ની જમીન પર બાંધવામા આવેલ મકાન મા, નવુ સીંગલ ફેઇઝ વીજજોડાણ , જે'' ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ એવા જયોતીગ્રામ ફીડર માથી નહી, પરંતુ, ખેતીવાડી ફીડર પર ના પાવર માથી જ મળી શકે '' અને, હવે તેમના સદર જોડાણ મા, ખેતીવાડી ફીડર માથી પાવર સપ્લાય આપવામા આવે તો તેઓને કોઈ વાંધો નથી, પરંતુ તેઓ સંમત છે. તે મુજબ નો તા.૧૪–૧૦–૧૬ ના રોજ નો, અરજદાર શ્રી એ લેખીત સંમંતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરી, અને હવે તેઓને સદર બાબતે, પીજીવીસીએલ સમક્ષ કોઈ ફરીયાદ રહેતી ન હોય, તે મુજબ ની લેખીત સંમંતી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ અરજદાર શ્રી ના તા.૧૪–૧૦–૧૬ ના રોજ નો લેખીત સંમંતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..